ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ઈમેઈલ-registrar.kskvku@gmail.com વેબ-kskvku.digitaluniversity.ac

ક.યુ./ઇ.સી./કા.નો./૧૫મી સપ્ટે./૨૦૨૧/ ૪૨૮૧ તા: 30/9/2021

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

વિષય : તા.૧૫/૦૯/૨૦૨૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની કાર્યવાહી નોંધ મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા:૧૫/૦૯/૨૦૨૧ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

બિડાણ:- કાર્યવાહી નોંધ.

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા.૧૫મી સપ્ટેમ્બર–૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર–૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકિઝકયુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડો.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર–કચ્છ.. | સભ્યશ્રી | હાજર |
| ડો. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ડો. જી.એમ.બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

કાર્યસુચિ :–

૧. ગત તા.૨૧/૦૬/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનું વાંચન અને બહાલી બાબત. (બિડાણ: ૧)

**નોંધ:** ગત તા.૨૧/૦૬/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનું વાંચન અને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં.૧:તા.૨૧/૦૬/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનું વાંચન બાદ સર્વાનુમતે બહાલ રાખવામાં ઠરાવવામાં આવ્યું.**

૨. તા.૧૮/૦૬/૨૦૨૧ના રોજની બી.યુ.ટી.આર.ની મિનિટ્સ (કાર્યસૂચિ)ને બહાલી આપવા બાબત.

**નોંધ:** તા.૧૮/૦૬/૨૦૨૧ના રોજની બી.યુ.ટી.આર.ની મિનિટ્સ (કાર્યસૂચિ)ને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં.૨: તા.૧૮/૦૬/૨૦૨૧ના રોજની બી.યુ.ટી.આર.ની મિનિટ્સ (કાર્યસૂચિ) વાંચન બાદ સર્વાનુમતે બહાલ રાખવામાં ઠરાવવામાં આવ્યું.**

૩. તા.૧૮/૦૫/૨૦૨૧ના રોજની એકેડેમિક કાઉન્સીલની મિનિટ્સ (કાર્યસૂચિ)ને બહાલી આપવા બાબત.

**નોંધ:** તા.૧૮/૦૫/૨૦૨૧ના રોજની એકેડેમિક કાઉન્સીલની મિનિટ્સ (કાર્યસૂચિ)ને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં.૩: તા.૧૮/૦૫/૨૦૨૧ના રોજની એકેડેમિક કાઉન્સીલની મિનિટ્સ (કાર્યસૂચિ) વાંચન બાદ સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૪. તા.૨૮/૦૭/૨૦૨૧ના રોજની નાણા સમિતિની સભાની મિનિટ્સને બહાલી આપવા બાબત.

**નોંધ:** તા.૨૮/૦૭/૨૦૨૧ના રોજની નાણા સમિતિની સભાની મિનિટ્સને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં.૪: તા.૨૮/૦૭/૨૦૨૧ના રોજની નાણા સમિતિની સભાની મિનિટ્સ વાંચન બાદ સર્વાનુમતે બહાલ રાખવામાં ઠરાવવામાં આવ્યું.**

૫. શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારાની રજૂઆત બાબત.

**નોંધ:** તા.૨૦/૦૭/૨૦૨૧ના રોજ જુદા જુદા વિભાગોમાં આસીસ્ટન્ટ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા આસી.પ્રાધ્યાપક દ્વારા સર્વિસ લેન્થને ધ્યાને લઇ મળવાપાત્ર પગાર અને અન્ય લાભો આપવા વિનંતી કરેલ છે. આ સદર બાબત માટે યુનિવર્સિટી દ્વારા કોઇ સમિતિની રચના થાય તેમા એમના પ્રતિનિધિત્વ આપવા વિનંતી કરેલ છે.

**ઠરાવ નં.૫: શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારાની રજૂઆત અન્વયે કુલસચિવશ્રીએ આવક અને જાવકની વિગતવાર માહિતી તમામ સેલ્ફ ફાઇનાન્સ કોર્સની આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. બિન–શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારા બાબત.

**નોંધ:** તા.૧૪/૦૭/૨૦૨૧ના રોજ મા.કુલપતિશ્રીને સરકારશ્રીના પ્રવર્તમાન પગાર મુજબ પગાર,સીનીયોરીટી તથા વર્ષોના અનુભવને ધ્યાને લઇ પગાર વધારો આપવા રજૂઆત કરેલ છે.

**ઠરાવ નં.૬: બિન–શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારા બાબત અન્વયે અટકાવેલ ઇજાફો આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

ભુજ-કચ્છ
૩૭૦૦૦૧

૭. એલ.એલ.એમ. અને એમ.સી.એ.ના અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

**નોંધઃ** યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની રજૂઆતોને ધ્યાને લઇ બન્ને અભ્યાસક્રમો શરૂ કરવાના ચર્ચા વિચારણા બાબત.

**ઠરાવ નં.૭ એલ.એલ.એમ. અને એમ.સી.એ.ના અભ્યાસક્રમ શરૂ કરવા અન્વયે એલ.એલ.એમ. અનુસંધાને વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાને લેતા ગ્રાન્ટ–ઇન–એઇડ માટે સરકારમાં દરખાસ્ત કરવા અને એમ.સી.એ. ફેબ્રુઆરી પહેલા કાર્યવાહી કરીને એફ.આર.સી.માં જવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. વિકલાંગજનોને ૫% અનામતનો લાભ આપવા બાબત.

**નોંધઃ** યુજીસીના પત્ર ક્રમાંક F.1-8/2014(SCT), તા.૧૯/૧૦/૨૦૨૦ તથા ધ રાઇટસ ઓફ પર્સન્સ વિથ ડિસેબીલીટીસ એકટ ૨૦૧૬ના પ્રકરણ–૬ અને તા.૦૨/૦૮/૨૦૨૧ના રોજના ડો.ડી.એમ.બકરાણીયાના અહેવાલ દ્વારા ગાંધીનગર કોર્ટ દ્વારા મળેલ સૂચનો અન્વયે વિકલાંગજનોને ૫% અનામતનો લાભ આપવા અને અન્ય સુવિધાઓ અને સગવડો આપવા બાબત.

**ઠરાવ નં.૮ વિકલાંગજનોને ૫% અનામતનો લાભ આપવા અન્વયે ગાંધીનગર કોર્ટ દ્વારા મળેલ સૂચનો અમલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ માટે નવી કોલેજ, સંલગ્ન કોલેજ ખાતે વધારાના નવા અભ્યાસક્રમ/ વિષય માટે નીડ કમિટીની રચના કરવા બાબત.

**નોંધઃ** શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ માટે નવી કોલેજ, સંલગ્ન કોલેજ ખાતે વધારાના નવા અભ્યાસક્રમ/ વિષય માટે નીડ કમિટીની રચના કરવાની આવશ્યક હોઇ કમિટીની રચના બાબત.

**ઠરાવ નં. ૯ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ માટે નવી કોલેજ, સંલગ્ન કોલેજ ખાતે વધારાના નવા અભ્યાસક્રમ/ વિષય માટે નીડ કમિટીની રચના કરવા અન્વયે નીડ કમિટીએ જે તે વિસ્તારની જરૂરીયાતને ધ્યાને લઇ ભલામણ કરવા અંગે મા.કુલપતિશ્રીને સત્તા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. શ્રી કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે.ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એજયુકેશન ખાતે ચાલતા એમ.એસ સી. (આઇ.ટી.)નો અભ્યાસક્રમ બંધ કરવા અંગેની પ્રક્રિયા કરવા બાબત.

**નોંધઃ** શ્રી કર્મનિકેતન ટ્રસ્ટના તા.૩૦/૦૮/૨૦૧૯ના પત્ર અને એસ.આર.કે.ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એજયુકેશનના તા.૦૩/૦૨/૨૦૨૧ના પત્ર અનુસંધાનેએમ.એસસી. (આઇ.ટી.)નો અભ્યાસક્રમ બંધ કરવા રજૂઆત કરેલ છે.

**ઠરાવ નં.૧૦ શ્રી કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે.ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એજયુકેશન ખાતે ચાલતા એમ.એસ સી. (આઇ.ટી.)નો અભ્યાસક્રમ બંધ કરવાની આગળની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. યુ.જી.સી. તથા ગુજરાત સરકારશ્રીના જોડાણ સબંધિત તમામ પરીપત્રોનો અમલ કરવા બાબત.

**નોંધઃ** યુ.જી.સી.– ન્યુ દિલ્હીના પત્રાંક–નં.૧–૭/૨૦૦૭ (સી.પી.પી.આઇ./સી.), તા.૨૦/૦૪/૨૦૧૨, યુ.જી.સી.(એફીલીએશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટી) (ફસ્ટ એમેન્ડમેન્ટ) રેગ્યુલેશન–૨૦૧૨ કે જે ગેઝેટ ઓફ ઇન્ડિયા ૨૬મી માર્ચ–૨૦૧૬ અને ન્યુ દિલ્હીના પત્રાંક–નં.એફ.૧–૭/૨૦૦૭ (સી.પી.પી.આઇ./સી.૧/૬૮), તા.૩૦/૦૪/૨૦૧૦,

યુ.જી.સી.(એફીલીએશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટી) (ફર્સ્ટ એમેન્ડમેન્ટ) રેગ્યુલેશન-૨૦૦૯ કે જે ગેઝેટ ઓફ ઇન્ડિયા ૨૦મી ફેબ્રુઆરી-૨૦૧૦.

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃયજન/૧૦૨૦૦૩/૨૮૦/ખ.૧, તા.૧૧/૦૩/૨૦૦૩, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃયજન/૧૦૨૦૦૧-(૨૮)/ખ.૧, તા.૦૬/૦૭/૨૦૦૨, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ યજન/૧૦૨૦૦૧-(૨૮)/ખ.૧, તા.૨૧/૧૨/૨૦૦૧ના જોડાણ સબંધી પરીપત્રોના અમલ કરવા સારૂ.

**ઠરાવ નં.૧૧ યુ.જી.સી. તથા ગુજરાત સરકારશ્રીના જોડાણ સબંધિત તમામ પરીપત્રોનો સ્વીકાર કરી અમલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર, રી-એસેસમેન્ટ સેન્ટર, ચેરમેનશ્રી તથા પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધ્યાપકો અને સ્ટાફને ચા/કોફી આપવા બાબત.

**નોંધઃ** યુનિવર્સિટી ખાતે મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર, રી-એસેસમેન્ટ સેન્ટર, ચેરમેનશ્રી તથા પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધ્યાપકો અને સ્ટાફને ચા/કોફી આપવાના સદર બાબત નિણર્યાર્થે રજૂ.

**ઠરાવ નં.૧૨ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર, રી-એસેસમેન્ટ સેન્ટર, ચેરમેનશ્રી તથા પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધ્યાપકો અને સ્ટાફને ચા/કોફી આપવા અને તે અંગેનું પરીપત્ર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩. ઓફ લાઈન શિક્ષણ કાર્ય ચાલુ થતા ઓર્ડીનેન્સ ૧૫૧.૧ મુજબ રી-અસેસમેન્ટ કેટલા વિષયમાં આપવુ.

**નોંધઃ** તા.૨૮/૦૪/૨૦૨૦ના રોજ મા.કુલપતિશ્રીની મળેલ મંજૂરી અન્વયે તમામ ફેકલ્ટીમાં તમામ વિષયના રી-ચેકીગ અને રી-એસેસમેન્ટ કરવા આપવામાં આવેલ. હાલ આ તમામ વિષયમાં રી-ચેકીગ અને રી-એસેસમેન્ટ આપવા કે કેમ તેના નિણર્યાર્થે.

**ઠરાવ નં.૧૩ ઓફ લાઈન શિક્ષણ કાર્ય ચાલુ થતા ઓર્ડીનેન્સ ૧૫૧.૧ મુજબ રી-અસેસમેન્ટ કેટલા વિષયમાં આપવા અન્વયે યથાવત નિયમ ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. ઉત્તરવહીના નિકાલ એક વર્ષમાં કરવા બાબત.

**નોંધઃ** તા.૦૭મી નવેમ્બર-૨૦૧૨ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાના ઠરાવ નં.૦૫ અનુસંધાને ત્રણ વર્ષ બાદ નિયત શરતોને આધિન યોગ્ય નિકાલ કરવામાં ઠરાવવામાં આવેલ. હાલ સેમેસ્ટર પધ્ધતિને કારણે ઉત્તરવહીઓના ભરાવો થાય છે અને જાળવણી કરવાનો પ્રશ્ન ઉદ્‌ભવે છે. આથી સદર બાબતે ઉત્તરવહીઓનો ૧ વર્ષ બાદ નિકાલ કરવામાં આવે તે જરૂરી છે.

**ઠરાવ નં.૧૪ ઉત્તરવહીના નિકાલ અન્વયે બે વર્ષે નિકાલ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. યુ.જી.સેમેસ્ટર ૧ થી ૪માં નાપાસ હોય તો પણ સેમેસ્ટર ૫ અને ૬ના બધા વિષયની પરીક્ષા લેવા બાબત. (બિડાણઃ ૧૩)

**નોંધઃ** તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ મા.કુલપતિશ્રીની મળેલ મંજૂરી અન્વયે કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી પુરક પરીક્ષામાં યુ.જી.સેમેસ્ટર ૧ થી ૪માં નાપાસ હોય તો પણ સેમેસ્ટર ૫ અને ૬ના બધા વિષયની પરીક્ષા લેવા બાબત.

**ઠરાવ નં.૧૫ યુ.જી.સેમેસ્ટર ૧ થી ૪માં નાપાસ હોય તો પણ સેમેસ્ટર ૫ અને ૬ના બધા વિષયની પરીક્ષા લેવા અન્વયે વર્ષ ૨૦૨૦માં કરેલ નિયમને હાલ ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

૧૬. હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર નામાભિધાન સાથે મંજૂરી આપવા બાબત.

**નોંધ:** માનનીય કુલપતિશ્રીના તાઃ૧૯/૦૬/૨૦૨૧ રોજની નોંધ પરની મળેલ મંજૂરી અન્વયે 'લોક સાહિત્ય કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી છે. સદર કેન્દ્રના નિયામકશ્રી તરીકે ડો.મિલિન્દ કે. સોલંકીને નિયુક્ત કરવામાં આવે છે. આ કેન્દ્રના વિકાસ માટે અને નામાભિધાન અર્થે રાજકવિશ્રી શંભુદાન ઇશ્વરદાન ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ–ભુજ દ્વારા રૂા.પાંચ લાખનું દાન આપવામાં આવેલ છે.

**ઠરાવ નં.૧૬ શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર નામાભિધાન સાથે મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૭. 'Advanced Research Centre for Jain Studies' તથા 'IAS Training Centre' બન્ને સેન્ટરને બહાલી આપવા બાબત.

**નોંધ:** માનનીય કુલપતિશ્રીના તાઃ૨૬/૦૪/૨૦૨૧ રોજની નોંધ પરની મળેલ મંજૂરી અન્વયે 'Advanced Research Centre for Jain Studies' અને 'IAS Training Centre' સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. સદર 'Advanced Research Centre for Jain Studies 'સેન્ટરના નિયામકશ્રી તરીકે ડો.પંકજ કે. ઠાકરને નિયુક્ત કરવામાં આવેલ છે. જયારે 'IAS Training Centre' સેન્ટરના નિયામકશ્રી તરીકે શ્રી અજયકુમાર રાઠોડને નિયુક્ત કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૭ 'Advanced Research Centre for Jain Studies' તથા 'IAS Training Centre' બન્ને સેન્ટરને મંજૂર કરવા તથા નિયામકશ્રીઓની નિમણૂંકને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૧૮. કચ્છ યુનિવર્સિટીમાં ઇન્સ્ટોલ થયેલ Sophos કંપનીનું ફાયરવોલનું લાયસન્સ રીન્યુ કરવા બાબત.

**નોંધ:** યુનિવર્સિટીના ડેટા અને સાયબર સિક્યુરીટીને ધ્યાને લેતા અતિ જરૂરી છે. આ અંગે અંદાજીત રૂા. ૧૨ થી ૧૩ લાખ ખર્ચ થવા પામશે.

**ઠરાવ નં. ૧૮ કચ્છ યુનિવર્સિટીમાં ઇન્સ્ટોલ થયેલ Sophos કંપનીનું ફાયરવોલનું લાયસન્સ રીન્યુ કરવાની મંજૂરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. લીગલ સેલ અને એડવોકેટની પેનલ બનાવવા બાબત.

**નોંધ:** કચ્છ યુનિવર્સિટી ખાતે માહિતી અધિકાર કાયદા (આર.ટી.આઇ.) અને લીગલ પ્રશ્નો ઉદ્ભવી રહયા હોય આ માહિતી અધિકાર કાયદા (આર.ટી.આઇ.) અને લીગલ મેટરના નિવારણ કરવા માટે યુનિવર્સિટીમાં કોઇ લીગલ સેલ કે જવાબદાર વ્યકિત ન હોવાથી સમયમર્યાદામાં નિવારણમાં સમસ્યા ઉત્પન્ન થાય છે. આ સમસ્યાને ધ્યાને લેતા લીગલ સેલની જરૂરીયાત જણાય છે. આથી લીગલ મેટરની કામગીરી માટે સેલની રચના અને એડવોકેટની પેનલ બનાવાવની થાય છે.

**ઠરાવ નં. ૧૯ લીગલ સેલ અને એડવોકેટની પેનલ બનાવવાની મંજૂરી આપવામાં આવે છે. કાર્યવાહી કરી નાણા સમિતિની મંજૂરી લઇ એકિઝકયુટીવ કાઉન્સીલમાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૦. આઉટ સોર્સિંગથી ભરતી કરવા બાબત.

**નોંધ:** યુનિવર્સિટી ખાતે ૪ બિન શૈક્ષણિક કાયમી છે જયારે કરાર આધારીત કર્મચારીઓ ફરજ બજાવે છે. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં વહીવટી કર્મચારીશ્રીની ઘટ જણાય છે તે ઘટને ધ્યાને લેતા આઉટ સોર્સિંગથી ભરતી કરવાની થાય છે તે અંગે યોગ્ય નિર્ણય અંગે.

**ઠરાવ નં. ૨૦ આઉટ સોર્સિંગથી ભરતી કરવા અન્વયે પાંચ માણસો મંજૂર કરવામાં આવે છે. કલેકટર કચેરીના મંજૂર કોન્ટ્રાકટરથી કામ લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

૨૧. યુનિવર્સિટી સાથે સંલગ્નતા મેળવવા અંગેની જોડાણ સંબંધી જુદી જુદી ફી બાબત.

**નોંધઃ** યુનિવર્સિટીના પરીપત્રઃ ૭૩, તા.૦૭/૦૨/૨૦૦૭ અને પરીપત્રઃ ૭૪, તા.૨૦/૦૨/૨૦૦૭ જોડાણ સંબંધિ જુદી જુદી ફીના દર નક્કી કરવામાં આવેલ છે. આ દરો અન્ય યુનિવર્સિટીઓની તુલનામાં ઓછા છે. જેથી દરોમાં વધારો કરવાના થાય છે.

**ઠરાવ નં. ૨૧ યુનિવર્સિટી સાથે સંલગ્નતા મેળવવા અંગેની જોડાણ સંબંધી જુદી જુદી ફી અન્વયે હાલમાં જે ફી લેવામાં આવે છે તે યથાવત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૨. પી.જી. શિક્ષકોને આપેલ માન્યતાને બહાલી આપવા બાબત.

**નોંધઃ** જોડાણ વિભાગ દ્વારા રજૂ કરેલ નીચે મુજબના યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને અનુસ્નાતક કક્ષાના શિક્ષકોની માન્યતા આપવામાં આવેલ છે.

| **કચ્છ યુનિવર્સિટી–ભુજ. માન્ય અનુસ્નાતક શિક્ષકોની યાદી.** | | |
|---|---|---|
| **ક્રમ** | **અધ્યાપકશ્રીનું નામ** | **વિષય** |
| ૦૧ | ડો.ચૈતાલી એન.ઠક્કર | ગુજરાંતી |
| ૦૨ | ડો.એકતા બી.જોષી | વનસ્પતિશાસ્ત્ર |
| ૦૩ | ડો.મુકેશકુમાર મણીલાલ બાવળીયા | એકાઉન્ટન્સી |
| ૦૪ | ડો.દિલીપભાઇ કટાલિયા | અંગ્રેજી |
| ૦૫ | ડો.રણછોડ જી.ગાગલ | અર્થશાસ્ત્ર |
| ૦૬ | ડો. હરેશ રામ | રસાયણશાસ્ત્ર |
| ૦૭ | ડો. સમીર રુન્ઝા | કાયદા |
| ૦૮ | ડો. ઉષાબેન ભટ્ટ | અંગ્રેજી |
| ૦૯ | ડો.ફાલ્ગુની પોમલ | ગુજરાતી |

**ઠરાવ નં. ૨૨ પી.જી. શિક્ષકોને આપેલ માન્યતાને બહાલી સાથે મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૩. ડો.ડી.એમ.બકરાણીયા, અધ્યક્ષશ્રી, શિક્ષણશાસ્ત્ર વિભાગની રજૂઆત.

**નોંધઃ** શિક્ષણશાસ્ત્ર ભવન ખાતે NCTEના નિયમ મુજબ ૧:૧૦ પ્રમાણે સ્ટાફની ઘટ છે, જે બાબતે યોગ્ય નિર્ણય કરવા અંગે.

**ઠરાવ નં. ૨૩ ડો.ડી.એમ.બકરાણીયા, અધ્યક્ષશ્રી, શિક્ષણશાસ્ત્ર વિભાગની રજૂઆત અન્વયે વર્કલોડ મંગાવો અને જરૂર હોય તો વિઝિટીંગ ફેકલ્ટીની મંજૂરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૪. ઉત્તરવહી વેબસાઇટ પર અપલોડ કરવા બાબત.

**નોંધઃ** સુશ્રી નિરૂબેન સામજીભાઇ મહેશ્વરીની આર.ટી.આઇ અન્વયે ગુજરાત માહિતી આયોગ–ગાંધીનગર દ્વારા સુચન કરવામાં આવેલ હતુ કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની જેમ યોગ્ય ઉત્તરવહીની સ્ક્રીપ્ટ (અંગત માહિતી દૂર કરીને) વેબસાઇટ પર અપલોડ કરવા યોગ્ય વિચારણા કરવામાં આવે. આ બાબત યુનિવર્સિટીની અગામી એકેડેમિક કાઉન્સીલ સહિતની અન્ય સમિતિઓ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવે.

**ઠરાવ નં. ૨૪ ઉત્તરવહી વેબસાઇટ પર અપલોડ કરવા અનુસંધાને ના મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૫. અનુદાનિત કોલેજોમાં પી.જી.સેન્ટરને મંજૂર બાબત.

**નોંધઃ** શેઠ એસ.વી.આર્ટસ અને કોમર્સ કોલેજના પત્ર ક્રમાંકઃ પીજી સેન્ટર/માન્યતા/૨૦૨૧–૨૦૨૨/૧૩૧,તા.૦૨/૦૯/૨૦૨૧પી.જી.સેન્ટરની માંગણીને ધ્યાને લઇ સેન્ટર મંજૂર કરવા બાબત.

**ઠરાવ નં. ૨૫ અનુદાનિત કોલેજોમાં પી.જી.સેન્ટરને મંજૂર બાબત અનુસંધાને ગ્રાન્ટ ઇન એઇડનાં ધોરણે મંજૂર કરવા અને ફક્ત પી.જી.માન્યતા ધરાવતા અધ્યાપકોથી ભણાવવાની બાંહેધરી લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૬. કેનિયા અને એન્કરવાલા તથા શ્રીમતિ ચંદનબેન હાથીભાઇ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સ્ટાફના પગાર પ્રશ્નોની રજૂઆત નિરાકરણ બાબત.

**નોંધઃ** કેનિયા અને એન્કરવાલા તથા શ્રીમતિ ચંદનબેન હાથીભાઇ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પત્ર ક્રમાંક જાવક નં.૧૬૦૪/૨૦૨૧–૨૨, તા.૨૫/૦૮/૨૦૨૧ના અનુસંધાને કોલેજના સ્ટાફના પ્રશ્નોના નિરાકરણ કરવાની રજૂઆત મળેલ છે.

**ઠરાવ નં. ૨૬ કેનિયા અને એન્કરવાલા તથા શ્રીમતિ ચંદનબેન હાથીભાઇ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સ્ટાફના પગાર પ્રશ્નોની રજૂઆત અન્વયે કોલેજના મેનેજમેન્ટનું ધ્યાન દોરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૭. યુનિવર્સિટીની કાયમી શૈક્ષણિક સ્ટાફની ત્રણ ખાલી પડેલ જગ્યા ભરવા બાબત.

**નોંધઃ** અર્થશાસ્ત્રના આસી.પ્રોફેસરશ્રી આશિષ વસાવા અને ગુજરાતીના આસી.પ્રોફેસર ડૉ.ભાવેશ જેઠવા બન્ને અન્ય યુનિવર્સિટીમાં જતા અને અર્થ એન્ડ એન્વાયરમેન્ટ સાયન્સના આસી.પ્રોફેસરશ્રી ચંદ્રકાંત મિસ્ત્રી નિવૃત થતા જગ્યા ખાલી પડેલ છે.

**ઠરાવ નં. ૨૭ યુનિવર્સિટીની કાયમી શૈક્ષણિક સ્ટાફની ત્રણ ખાલી પડેલ જગ્યા ભરવા અનુસંધાને નિયમ મુજબની પ્રક્રિયાઓ હાથ ધરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

૨૮. સરકારશ્રી/ યુનિવર્સિટી દ્વારા મંજૂર થતા વિવિધ કામો માટે તાંત્રિક મંજૂરી બિલ્ડીગ સમિતી મારફતે મેળવવા બાબત.

**નોંધઃ** યુનિવર્સિટીના વિકાસ માટે સરકારશ્રી/ યુનિવર્સિટી દ્વારા મંજૂર થતા વિવિધ કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે આ કામોની તાંત્રિક મંજૂરી યુનિવર્સિટીના એક્ટ મુજબ બિલ્ડીગ સમિતિ મારફતે મેળવી કામગીરી કરવા બાબત.

**ઠરાવ નં. ૨૮ સરકારશ્રી/ યુનિવર્સિટી દ્વારા મંજૂર થતા વિવિધ કામો માટે તાંત્રિક મંજૂરી બિલ્ડીગ સમિતી મારફતે મેળવવા બાબતે અન્ય યુનિવર્સિટી માંથી માહિતી મંગાવીને ફરીથી રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૯. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના પ્રવેશ અંગે નિમવામાં આવેલ સમિતિના નિયમોને બહાલી આપવા બાબત.

**નોંધઃ** ડો.સી.એસ.ઝાલાના અધ્યક્ષતામાં રચાયેલી સમિતિ દ્વારા તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ પ્રવેશ અંગેના નિયમોની ભલામણ કરવામાં આવેલ. જે ભલામણને સ્વીકારીને વર્ષ ૨૦૨૧–૨૨ માટે બહાલી આપવા અંગે.

**ઠરાવ નં. ૨૯ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના પ્રવેશ અંગે નિમવામાં આવેલ સમિતિના નિયમોને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

૩૦. એન.એસ.એસ અને એન.સી.સીને ગૌણ વિષય તરીકે માન્યતા આપવા બાબત.

**નોંધ:** નવી શિક્ષણ નીતિને ધ્યાને લઇને એન.એસ.એસ અને એન.સી.સીને ગૌણ વિષય તરીકે માન્યતા આપવા કે કેમ તે અંગે નિર્ણય.

**ઠરાવ નં. ૩૦ એન.એસ.એસ અને એન.સી.સીને ગૌણ વિષય તરીકે માન્યતા આપવા અનુસંધાને કોર્ષ સંબંધી જરૂરી પ્રક્રિયાઓ કર્યા બાદ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૧. એકેડેમિક કેલેન્ડરને સ્વીકારવા બાબત.

**નોંધ:** સરકારશ્રીના એકેડેમિક કેલેન્ડરને સ્વીકારી અને અમલીકરણ કરવા અંગે.

**ઠરાવ નં. ૩૧ સરકારશ્રીના એકેડેમિક કેલેન્ડર ધ્યાને લઇ આપણી યુનિવર્સિટીનું એકેડેમિક કેલેન્ડર મંજૂર કરી સર્વાનુમતે સ્વીકાર કરવા ઠરાવવામાં આવ્યું.**

૩૨. પુરક પરીક્ષાનું રી–એસેસમેન્ટ અને રી–ચેકિંગ કરવા અંગે.

**નોંધ:** યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધી પુરક પરીક્ષાનું રી–એસેસમેન્ટ અને રી–ચેકિંગ કરાવેલ નથી.

**ઠરાવ નં. ૩૨ પુરક પરીક્ષાનું રી–એસેસમેન્ટ અને રી–ચેકિંગ કરવા અન્વયે નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અધ્યક્ષ સ્થાને થયેલ મુદ્દા:**

૩૩. તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજ યોજાયેલ 'ટીચીગ આસીસ્ટંટ'ના ઇન્ટરવ્યુ અને પસંદગી પામેલ ઉમેદવારોને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૨ તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજ યોજાયેલ 'ટીચીગ આસીસ્ટંટ'ના ઇન્ટરવ્યુ અને પસંદગી પામેલ ઉમેદવારોને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૪. યુનિવર્સિટી દ્વારા જુલાઇ–૨૦૨૧માં લેવાયેલ પરીક્ષાના કોપીકેસના જાહેરનામાને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૪ યુનિવર્સિટી દ્વારા જુલાઇ–૨૦૨૧માં લેવાયેલ પરીક્ષાના પરીક્ષા શુધ્ધિ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલ કોપીકેસના જાહેરનામાને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૩૫. તા.૦૧/૦૯/૨૦૨૧ના રોજની નાણાં સમિતિની સભાની મિનિટ્સને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં.૩૫: તા.૦૧/૦૯/૨૦૨૧ના રોજની નાણાં સમિતિની સભાની મિનિટસ્ વાંચન બાદ સર્વાનુમતે બહાલ રાખવામાં ઠરાવવામાં આવ્યું.**

૩૬. બી.એમ.સી.બી. કોલેજમાં B.P.B.Sc. નર્સિંગ કોર્ષમાં વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ અને પ્રવેશ પ્રક્રિયા બાબત.

**ઠરાવ નં.૩૬ બી.એમ.સી.બી. કોલેજમાં B.P.B.Sc. નર્સિંગ કોર્ષમાં વિદ્યાર્થીઓના એડમીશન અન્વયે સરકારશ્રીની મળેલ મંજૂરી વર્ષ ૨૦૨૦–૨૧થી મંજૂર રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.**

**કુલસચિવ**

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી
ભુજ

**નકલ સવિનય રવાના:–** માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ–કચ્છ
૩૭૦૦૦૧